CHIPS Express
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.
M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૨ | ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સ્વદેશી બોલેસ્ટીક મિસાઈલનું સફળ પરીક્ષણ**

સ્વદેશમાં વિકસીત અને જમીનથી જમીનની મારણક્ષમતા ધરાવતી બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ મિસાઈલ ડીઆરડીઓએ વિકસીત કરી છે તે મોબાઈલ લોન્ચરથી પણ લોન્ચ કરી શકાય છે.

**માયાવતી કોંગ્રેસ સાથે નહી**

છત્તીસગઢ વિધાનસભાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસ માટે માઠા સમાચાર છે. માયાવતીએ છત્તીસગઢમાં અજીત જોગીની પાર્ટી જનતા કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

**યુપીના દરેક ઘરમાં વિજળી**

કેન્દ્રિય ઉર્જા રાજયમંત્રી આર.કે. સિંહાએ કહ્યું છે કે ૩૧ ડિસેમ્બર સુધી યુપીના દરેક ઘરમાં વિજળીનું કનેકશન અપાશે. સૌભાગ્ય યોજના હેઠળ આ કનેકશન અપાશે.

**અલીગઢમાં એન્કાઉન્ટર**

ઉત્તર પ્રદેશના પશ્ચિમી જિલ્લાના અલીગઢમાં પોલીસે હત્યાના બે આરોપીઓનું એન્કાઉન્ટર કર્યું હતું. પોલીસે સ્થાનિક પત્રકારો સમક્ષ આ ઘટના અંગેની વિગતો આપી હતી.

**બ્રિટનમાં અલી વાવાઝોડાનો કહેર**

બ્રિટનમાં બુધવારે ત્રાટકેલાં અલી વાવાઝોડાંમાં બે લોકોનાં મોત થયા છે. યુકે અને આયર્લેન્ડમાં ૧૬૦ કિમી/કલાકની ઝડપે ત્રાટકેલાં વાવાઝોડાંમાં બુધવારે એક ૨૦ વર્ષીય બ્રિટિશ ટૂરિસ્ટ પર ભેખડ પડતાં તેનું મોત થયું હતું.

# નાની બચતના વ્યાજદરમાં વધારો

### નાની બચતમાં રોકાણકારો માટે ખુબ મોટી રાહત : રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર, પીપીએફ, સુકન્યા સમૃદ્ધિ સહિતની યોજના ઉપર વ્યાજદરમાં ૦.૪ ટકા વધારો : પોસ્ટ ઓફિસ સેવિંગ્સ એકાઉન્ટ વ્યાજદર યથાવત

નવીદિલ્હી, તા. ૨૦

નાની બચત યોજનાઓમાં મૂડીરોકાણ કરનાર લોકો માટે ખુબ સારા સમાચાર છે. છેલ્લા બે ત્રિમાસિક ગાળાથી નાની બચત યોજનાઓના વ્યાજદરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા પરંતુ હવે ઈંતજારનો અંત આવ્યો છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર (એનએસસી) અને પીપીએફ સહિત કેટલીક નાની બચત યોજનાઓ માટે ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં વ્યાજદરોમાં વધારો કરી દીધો છે. આમા ૦.૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરવામાં આવ્યો છે. નાની બચત સ્કીમો માટે વ્યાજદરોમાં ત્રિમાસિક આધાર પર સુધારા કરવાની પ્રક્રિયા રહેલી છે. ફિક્સ્ડ ઈન્કમ માટે આવી યોજનાઓમાં રોકાણ કરવા વાળા



લોકોને ઘણા સમયથી વ્યાજદરોમાં વધારો થાય તેનો ઈંતજાર હતો. છેલ્લા બે ત્રિમાસિક ગાળાથી વ્યાજદરમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. તે પહેલા પણ ૨૦૧૮ની જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળામાં વ્યાજદરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે જુદી જુદી નાની બચત યોજનાઓના

● અનુસંધાન પાન-૭ પર

# બીએસએફના જવાનની બર્બર હત્યાથી દેશમાં આક્રોશનું મોજુ

### એકના બદલે ૧૦ માથા કાપી લાવવા માટે વચન મોદીએ આપ્યું હતું : કોંગ્રેસના પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૦

જમ્મુ કાશ્મીરમાં જમ્મુ ક્ષેત્રના ઈન્ટરનેશનલ બોર્ડર ઉપર પાકિસ્તાની રેન્જર દ્વારા બીએસએફ જવાન નરેન્દ્રસિંહની બર્બરતા સાથે કરવામાં આવેલી હત્યાથી દેશભરમાં તંગદિલીપૂર્ણ માહોલ છે. બીજી બાજુ વિપક્ષે સરકાર પર જવાનોની સુરક્ષાને લઈને હવે પ્રશ્નો ઉઠાવ્યા છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે, સરકાર સેનાનો રાજકીય લાભ ઉઠાવવા માટે ઉપયોગ કરી રહી છે. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ જવાનો ઉપર થઈ રહેલા હુમલાઓ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. મંગળવારના દિવસે પાકિસ્તાની સૈનિકો દ્વારા જમ્મુ નજીક આઈબી પર બીએસએફના એક જવાનની ગળુ કાપીને હત્યા કરી દેવામાં આવી હતી જેના પરિણામ સ્વરુપે

● અનુસંધાન પાન-૭ પર

# ઈમરાન ખાને શાંતિ વાર્તા માટે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો

### સુષ્મા સ્વરાજ-પાક. વિદેશ મંત્રીની મુલાકાતનો આગ્રહ કરતા ઈમરાન ખાન

ઈસ્લામાબાદ,તા.૨૦

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ફરીથી શાંતિ વાર્તા માટે શરૂઆત કરવા વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. ખાસ વાત એ છે કે તેમણે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીની મીટિંગની અંદર ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહમુદ કુરૈશીની વચ્ચે મીટિંગનો આગ્રહ કર્યો છે. આવતા મહિને ન્યૂયોર્કમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ)ની મીટિંગ થવાની છે. ખાનનો આ પત્ર પીએમ મોદીના એ સંદેશનો જવાબ છે જેમાં તેમણે બંને દેશોની વચ્ચે 'ફળદાયક અને રચનાત્મક' સંબંધોનો સંકેત આપ્યો હતો. ઈમરાન ખાને પણ પાકિસ્તાન ચૂંટણીમાં પોતાની જીત બાદ કહ્યું હતું કે જો સંબંધોના સુધારાની દિશામાં ભારત એક પગલું આગળ વધશે તો તેઓ બે પગલાં આગળ વધશે.



છેલ્લાં કેટલાંક સપ્તાહથી એ અટકલો તેજ થઈ રહી હતી કે યુએન જનરલ એસેમ્બલીમાં સ્વરાજ અને કુરૈશીની વચ્ચે મીટિંગ થશે કે નહીં. ખાનનો પત્ર ભારત અને પાકિસ્તાનની વચ્ચે નક્કર સંબંધ ફરીથી શરૂ કરવા માટે પહેલો ઔપચારિક પ્રસ્તાવ પણ છે.

ડિપ્લોમેટ સૂત્રોનું કહેવું છે કે ખાને પોતાના પત્રમાં એ વ્યાપક દ્વિપક્ષીય વાર્તા પ્રક્રિયાને ફરીથી શરૂ કરવાનો આગ્રહ કર્યો છે જે ડિસેમ્બર ૨૦૧૫મા શરૂ કરાઈ હતી. પઠાનકોટ એરબેસ પર આતંકી હુમલા બાદ વાર્તાની આ પ્રક્રિયા સ્થગિત કરી દેવાઈ હતી. ખાને પોતાના પત્રમાં કહ્યું છે કે ભારત અને પાકિસ્તાનને આતંકવાદ અને કાશ્મીર સંબંધિત તમામ મોટા મુદ્દા વાર્તાના માધ્યમથી સમાધાન પર નજર કરવી જોઈએ.

ડિસેમ્બર ૨૦૧૫મા સુષ્મા સ્વરાજ હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ઈસ્લામાબાદ ગયા હતા. એ સમયે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોના સ્તર પર પાકિસ્તાનની સાથે નક્કર

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાં રાહુલનું રણશિંગુ

ડુંગરપુર, તા. ૨૦

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી હાલમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. રાહુલ ગાંધી આજે ડુંગરપુરના સગવાડા પહોંચ્યા હતા. લોકોને સંબોધતા રાહુલ ગાંધીએ એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો કે, તેમની પાર્ટી મળીને ચૂંટણી લડી રહી છે. સાથે સાથે અશોક ગહેલોત અને સચિન પાયલોટની વચ્ચે કોઈપણ પ્રકારના મતભેદ નથી. વડાપ્રધાન મોદી ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, આજે સમગ્ર દેશમાં અવાજ ઉઠી રહ્યો છે કે, ગલી ગલી મેં શોર હૈ હિન્દુસ્તાન કા ચોકીદાર ચોર હૈ. ભાજપ સરકાર ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, ગૌરવ યાત્રામાં પૈસા લોકોના ખિસ્સામાંથી કાઢવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીએ સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે વચન આપ્યું હતું અને કહ્યું હતું કે, તેમની સરકાર આવશે તો લોકોના હિતમાં પગલા લેશે.



શક્તિપીઠ ઝળહળી ઉઠ્યું - ભાદરવી પૂનમના મહામેળાના પગલે મા-આદ્યશક્તિ અંબાજી મંદિરને રોશનીથી શણગારાયું છે... ગુજરાતભરમાંથી લાખોની સંખ્યામાં માઈભક્તો રોજેરોજ દર્શને ઉમટે છે... મહામેળાના શુભારંભે જ શક્તિપીઠ ઝળહળી ઉઠ્યું હતું....

# પેટ્રોલના ભાવમાં પુનઃ વધારો

નવી દિલ્હી,તા. ૨૦

પેટ્રોલની કિંમતમાં આજે ફરી એકવાર વધારો કરવામા આવ્યો હતો. જો કે ડીઝલની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. દેશની ઓઈલ કંપનીઓએ આજે ગુરૂવારના દિવસે પેટ્રોલની કિંમતમાં છ પૈસાનો વધારો કર્યો હતો. જો કે ડીઝલની કિંમત યથાવત રાખવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં હવે પેટ્રોલની કિંમત છ પૈસા વધીને ૮૨.૨૨ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. પેટ્રોલની કિંમત દિલ્હીમાં બુધવારના દિવસે ૮૨.૧૬ રૂપિયા હતી. જ્યારે ડીઝલની કિંમત ૭૩.૮૭ ઉપર આજે સ્થિર રહી હતી. મુંબઈમાં પેટ્રોલની કિંમત ૯૦ રૂપિયાની નજીક પહોંચીને હવે ૮૯.૬૦ સુધી થઈ ગઈ છે. જ્યારે ડીઝલના ભાવ ૭૮.૪૨ રહ્યા છે. કોલકત્તામાં પેટ્રોલની કિંમત છ પૈસા વધીને ૮૪.૦૭ થયો છે. જ્યારે ડીઢલની કિંમત ૭૫.૭૨ રૂપિયા રહી છે. જ્યારે ચેન્નાઈમાં પેટ્રોલની કિંમત ગુરૂવારના દિવસે ૮૫.૪૬ રૂપિયા રહી હતી. આવી જ રીતે ડીઝલની કિંમત ૭૮.૧૦ રૂપિયા રહી હતી. ભારત દ્વારા તેની ક્રૂડ ઓઈલ પૈકીની ૮૦ ટકાની આયાત કરે છે. પેટ્રોલની કિંમતો છેલ્લા એક મહિનાના ગાળામાં છ ટકાથી પણ વધુ વધી જતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ડિઝલની કિંમતમાં પણ આઠ ટકાનો વધારો થઈ ચુક્યો છે.

MANAGED BY :
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
Rudraksh Event Management
We Serve...
• Traditional Food
• Sweets
• South Indian
• Snacks
• Street Food
• Punjabi Food
Unlimited Lunch Rs. 230/-
Pack Lunch Punjabi & Gujarati Rs. 150/-
Contact us : 8871 8871 50 | 99795 59988
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. Bansari Traditional

# વિમાનમાં પ્રવાસીઓના નાક, કાનથી લોહી નિકળવા લાગ્યા

### મુંબઇથી જયપુર જતી જેટ એરવેઝની ફ્લાઇટના ૩૦થી વધારે યાત્રીના નાક કાનથી લોહી નિકળવા લાગ્યા

મુંબઈ,તા. ૨૦

જેટ એરવેઝની મુંબઈથી જયપુર જતી ફલાઈટના પ્રવાસીઓને આજે ખતરનાક સ્થિતીનો સામનો કરવાની ફરજ પડી હતી. મુંબઈથી ઉડાણ ભર્યા બાદ ફલાઈટના કેબિન પ્રેશર મેન્ટેન નહીં હોવાના કારણે પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને ફલાઈટના યાત્રીઓના કાન અને નાકમાંથી લોહી નિકળવા લાગી ગયા હતા. ફલાઈટમાં રહેલા યાત્રીઓ પૈકીના ૩૦ યાત્રીઓના નાક અને કાનથી લોહી નિકળવા લાગી ગયા હતા. ભારે અફડાતફડી વચ્ચે વિમાનને તરત જ ફરી બોલાવી લેવાની ફરજ પડી હતી. હકીકતમાં ક્રુ મેમ્બર કેબિન પ્રેશર મેન્ટેન કરનાર સ્વીચને દબાવવાનુ ભુલી જતા આ સ્થિતી સર્જાઇ હતી. આના કારણે વિમાન ઉપર પહોંચી ગયા બાદ લોકોને હવાની કમી લાગવા લાગી હતી. જેના કારણે ટુંકા સમયમાં જ કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

પાર્ટ / ફુલ ટાઈમ વધારાની આવક મેળવો
એન.વાય.એસ.ઈ. લીસ્ટેટ કંપની
ઘરેથી ઓફીસથી કામ કરો
સ્ટુડન્સ - નોકરિયાત લોકો - ધંધાદારી લોકો
ગૃહિણીઓ - પ્રોફેશનલ - નિવૃત કોઈપણ કરી શકે
રોજ ના બે કલાક જ્યાં હોય ત્યાં કામ કરી શકો છો.
ફાલ્ગુની ગજ્જર મો. ૮૪૯૦૯૦૫૪૦૯
CALL FOR MEETING

શ્રી ન્યુ દુર્ગા જયોતિષ સેન્ટર (રજી.નં. Guj/AMD/ 40600)
અમદાવાદમાં જુના અને જાણીતા, જયોતિષ સમ્રાટ, ગોલ્ડ મેડાલીસ્ટ, કામરૂદેશના ગુઢ વિદ્યાના જાણકાર (સ્પે.)
A to Z સમસ્યાનો ઝડપી નિકાલ ગુપ્ત ધનના ખાસ જાણકાર.
ભારતના સુપ્રસિદ્ધિ રાજ જયોતિષી પંડિત પ્રહલાદભાઈ જોષી (જયોતિષ અને તાંત્રિક કામાખ્યા ઉપાસક)
વિદ્યા, નોકરી, ધંધો, સગાઈમાં વિલંબ, લગ્નયોગ, સ્ત્રીપુરૂષના અણબનાવ, ગૃહકલેશ, સંતાનયોગ, પ્રેમમાં દગો, રૂઠે કો મનાના, પ્રેમભંગ, ફરી પ્રેમ, શારીરીક, માનસિક, આર્થીક, ફસાયેલાનાંણા, કોઈ નું કરેલું, સૌતન મુક્તિ, સાસુ, પતી અને પ્રેમીનો ત્રાસ, પ્રમોશન યોગ, વિદેશ યોગ, શત્રુનાશ મકાન યોગ, ભુમિનડતર, કોઈપણ મુંઝવતા પ્રશ્નોના માર્ગદર્શન અને ઝડપી નિકાલ માટે મળો.
Website : www.shrinewdurgajyotish.com એક વખત અમારી મુલાકાત લેવાનું ભુલશો નહી.
નવાતાંત્રિકો જયોતિષો, ભાડાના મકાનવાળા, હોટલોમાં જાહેરાત વાળા, વગર એડ્રસવાળી જાહેરાતવાળાથી ખાસ સાવધાન
YouTube Best Jyotish and Tantrik
ભુમિનડતર અને ગુપ્ત ધનના સ્પેશ્યાલિસ્ટ | અધુરા મુકાયેલા કામ પુરા કરી આપવામાં આવશે.
વધુ માહિતી માટે android app - shreenewdurgajyotish સમય દરરોજ : ૧૦ થી ૮ જોવાની ફી રૂ.101/-
બી ૧૦૨, સુકન-૪, પરીશ્રમ ટાવરની સામે, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૧૩.
M : 9374567515,9427620602 મોબાઈલથી એપોઈન્ટમેન્ટ લઈને મળો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય